## ભાવનગર મહાનગરપાલિકા

# :: પ્રેસનોટ ::

ભાવનગર શહેરમાં શહેરીજનોને પરીવહનની સુવિધા મળી રહે અને નાગરીકોની સુખાકારીમાં વધારો થાય તેવા ઉમદા હેતુથી પી.એમ. ઇ–બસ સેવા અંતર્ગત ૧૦૦ ઇ – બસ ફાળવવામાં આવનાર છે. હાલ અધેવાડા ટી.પી. એસ ૧૧ (ટોપ થ્રી સર્કલ થી ડી માર્ટ વાળા રોડ) ખાતે બસ ડેપોનું નિર્માણ કાર્ય પણ ગતિમાં છે. વિવધ વોર્ડમાં આવેલ ફ્લોટીંગ પોપ્યુલેશન વાળા વિસ્તારો અને દૈનીક ધોરણે પરીવહન કરતાં નાગરીકોનો અભ્યાસ કરીને સમગ્ર શહેરને આવરી શકાય અને ટુંકા સમયના ગાળે નાગરીકોને બસની સેવા ઉપલબ્ધ થઇ રહે તે માટે સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટેક્નોલોજી (સી.ઈ.પી.ટી) યુનિવર્સીટી દ્વારા આવનાર ઇ – બસ ની સેવા માટેના કામચલાઉ / અંદાજીત રૂટ્સ ડીઝાઇન (પ્લાન) કરી તેનું આજે તા.૨૮/૧/૨૦૨૫ ના રોજ માન. મેયરશ્રી, માન. ડેપ્યુટી મેયરશ્રી, માન. ચેરમેનશ્રી : સ્ટેન્ડીંગ કમિટી, નેતાશ્રી : શાસક પક્ષ, કમિશનરશ્રી, નાયબ કમિશનરશ્રી (એડ), પદાધિકારીશ્રીઓ, વિરોધપક્ષના પ્રતિનિધીશ્રીઓ તેમજ નગરસેવકશ્રીઓની ઉપસ્થિતીમાં પ્રેઝન્ટેશન આપવામાં આવેલ છે. પ્રેઝન્ટેશન દરમ્યાન માહિતીના થયેલ આદાન – પ્રદાન અને રજુ થયેલા સુઝાવો અને મંતવ્યોને ધ્યાનમાં રાખીને કુલ ૧૬ કામચલાઉ / અંદાજીત રૂટ્સ ડીઝાઇન (પ્લાન) નો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવેલ છે, જેમાંથી ૮ રૂટ્સ ભાવનગર શહેરના હદ વિસ્તાર માટે ડીઝાઇન (પ્લાન) કરવામાં આવેલ છે જ્યારે બાકીના ૮ રૂટ્સ ભાવનગર શહેરની આસપાસના નજીકના ગામો / આઉટગ્રોથ વિસ્તારને આવરી લઇને શહેરની કનેક્ટીવીટી વધારવા માટે ડીઝાઇન (પ્લાન) કરવામાં આવેલ છે, જેની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
(મિકેનીકલ)
**ટ્રાન્સપોર્ટ વિભાગ**
ભાવનગર મહાનગરપાલિકા

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**
...........................
...........................
ભાવનગર

ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિક પત્રમાં લોક હિતાર્થે વિના મુલ્યે પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

**જન સંપર્ક અધિકારી**
**જન સંપર્ક વિભાગ**
ભાવનગર મહાનગરપાલિકા